**કૃપાકરી પ્રસિધ્ધી માટે** **૧૪ એપ્રિલ ૨૦૦૯**

**પ્રચાર માટે આવેલાં રામ નાઈકનું કુષ્ઠપીડિતોની વસ્તીમાં ભવ્ય સ્વાગત**

**મુંબઈ,મંગળવાર :** સંજય નગર નામક બોરીવલીમાંની કુષ્ઠપીડિતોની વસ્તીમાં ગઈકાલે સાંજે જાણે લગ્નસરાંની ધમાલ ચાલી રહી હતી.તેનું કારણ પણ તેવુંજ હતું. વર્ષો થી આ ઉપેક્ષિત કુષ્ઠપીડિતો ની વહારે દોડી જતાં શ્રી રામ નાઈક ઉત્તર મુંબઈ લોકસભા ક્ષેત્રનાં ભાજપ - શિવસેના યુતી ના ઉમેદવાર તરીકે મત માગવા આવનાર છે તેવી જાણ થયાં બાદ ધમાલ હતી.પ્રત્યક્ષે શ્રી રામ નાઈક નો " પરિવર્તન રથ" સંજય નગર પહોંચ્યા બાદ આબાલ-વૃધ્ધ સર્વેએ ભારે ગીર્દી કરી તેમનું ભવ્ય સ્વાગત કર્યું હતું. "અમારી જેવા ઉપેક્ષિત વર્ગ માટે તમે જે કામ કરી રહ્યાં છો તે એળે નહીં જાય, અમારી વતી તમે રાજયસભામાં રજૂ કરેલ અર્જી મુજબ કાયદો બનાવવાનું કાર્ય પણ તમેજ કેંદ્રિય પ્રધાન તરીકે કરશો, " તેવાં વચનવાણી ઉપસ્થિત કુષ્ઠપીડિતોએ શ્રી રામ નાઈકને આપ્યાં હતાં.

દહિસર વિધાનસભા ક્ષેત્રમાંના બોરીવલી અને દહિસર પૂર્વ ભાગ માં ગઈકાલે સાંજે શ્રી રામ નાઈકની પ્રચાર ફેરી હતી. તેવેળાં તેમની સાથે ભાજપ મુંબઈનાં અધ્યક્ષ અને ધારાસભ્ય શ્રી ગોપાળ શેટ્ટી, શિવસેના વિભાગ પ્રમુખ શ્રી વિનોદ ઘોસાળકર અને માજી ડૅ.મેયર શ્રી રમેશ મેઢેકર પણ હતાં. શ્રી રામ નાઈક ની પ્રચારફેરી ની શરૂઆત સુકરવાડી ખાતેથી થઈ હતી. મોટેભાગે રેલ્વે હમાલ અને બુટપૉલિશવાળાંઓનાં ઘરો ધરાવતી આ વસ્તીમાં શ્રી રામ નાઈક ધારાસભ્ય હતાં તેવેળાં દેશમાંના સૌ પહેલાં બેમાળનાં શૌચાલય ઊભા કર્યા હતાં. ત્યારથી આ વિસ્તારનાં રહેવાસીઓએ કાયમ શ્રી રામ નાઈકને પોતાનો ટેકો આપેલ છે.તેનાં કારણે ગઈકાલે પણ અહીં શ્રી રામ નાઈક નું સ્વાગત થવું સ્વાભાવિક જ હતું. ત્યરબાદ સંજય નગર,અને આગળ દૌલત નગર, પ્રેમજી નગર, રતન નગર, દીપનારાયણ દુબે માર્ગ, આંબાવાડી, માનવ કલ્યાણ કેંદ્ર, વગેરે વિસ્તારમાં શ્રી રામ નાઈકે પ્રચાર કર્યો. બધાંજ સ્થળે શ્રી રામ નાઈકને નાગરિકોનો ઉમળકાભર્યો પ્રતિસાદ મળ્યો હતો.

**(વિનોદ શેલાર)**
**પ્રસિધ્ધી પ્રમુખ**
**મો : ૯૮૬૭૬૮૯૫૪૦**